# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

શિષ્ય થઇ સેવા કરવી નથી, પણ ગુરૂ થાવું છે,
થઇ ગયા છે સવાયા, હવે ગુરૂના ગુરૂ થાવું છે,
ગાવું છે ગીત સત્તાનું 'ગુરૂપદ' ખૂરશીમાં બેસી -
લઘુ રહેવું નથી કોઇને બધાને ગુરૂ થાવું છે..

## હાઈકુ

સ્થાન ને માન
બચાવવા, બનાવો -
શિષ્ય ને ગુરૂ!
(હે કૃષ્ણ! લાલપીળા થયા વિના)

પ્રચાર પાકે,
સૌ ગભરાય હાકે -
સંઘની ધાકે..
(શિષ્ય ભરાવે શીંગડા)

## ચિંતન

**આશાયા યે દાસાસ્તે દાસાઃ સર્વ લોકસ્ય ।**
**આશા યેષાં દાસી તેષાં દાસાયતે લોકઃ ॥**

'જે લોકોના દાસ છે તે લોકો બધાના - સર્વ લોકોના દાસ છે. પરંતુ આશા જે લોકોની દાસી બની જાય છે તેમનું આ આખું વિશ્વ - બધા લોકો દાસ બની જાય છે.'

માણસ, વૃદ્ધ, કૌટુંબિક વડીલો, મૈત્રીમાં મિત્રો સંબંધીઓ, અને દાંપત્ય - માં જયારે એકમેકમાં આશા-અપેક્ષા અને યાચના-મદદની ઇચ્છા રાખવામાં આવે છે ત્યારે સંબંધો-લાગણીમાં 'તડ' પડે છે - આપણને ઓછી લાગતી-દેખાતી આશા અપેક્ષા સામેની વ્યક્તિને પર્વત જેવી દેખાતી હોય છે.

વળી આજ-કાલના પરિવાર-સંબંધોમાં સૌ કોઇને બીજાનો વિચાર કરવાની ફુરસદ કે લાગણી કે બીજાના દૃષ્ટિકોણથી જોવાની ટેવ-વૃત્તિ જ નથી હોતી - મારે શું? એનું એને જે થવાનું હોય તે થાય આવી સમજ હોય છે, મને યોગ્ય લાગે તે હું કરીશ..

પુત્ર હોય, પુત્ર-વધુ હોય, મિત્ર હોય, શેઠ હોય કે ભાગીદાર, દંપત્તિમાં આજે આ વૃત્તિ ખીલી છે. એમાં સામાજિક તિરાડો-અસંતોષ-રહ્યા કરે છે.

- પણ કોઇ-કોઇમાં આશા-અપેક્ષા જ રાખે નહીં તો દુઃખ થાય નહીં. આજકાલ 'ફરજ' તો કોણ સમજે છે? આશા-અપેક્ષાના દાસ દુખી થાય છે. અપેક્ષાઓ ત્યાગ કરનાર સુખ-શાંતિ-સંતોષનો અનુભવ કરે છે.

## સુવિચાર

- રોગીનો મિત્ર વૈદ્ય, રાજાનો મિત્ર મીઠા વચન બોલનારો, સંસારથી પીડિત માણસનો મિત્ર સંત તેમજ લક્ષ્મી ખોઇ બેસનારનો મિત્ર જયોતિષ **- મનુસ્મૃતિ**
- તેણે વીણી વીણીને પોતાના દુશ્મનોને ખતમ કરી નાખ્યા!! શસ્ત્રની નહીં..., પણ દુશ્મનોમાં રહેલા ગુણોની પ્રશંસા કરીને **- મુનિશ્રી રત્નસાગરજી**
- પ્રશંસા ખરા હૃદયથી થાય છે, જયારે ખુશામત હોઠથી થાય છે, પ્રશંસા નિઃસ્વાર્થ હોય છે જયારે ખુશામતમાં સ્વાર્થ હોય છે **- બર્નાડ શો**
- મારી જીભ, મારૂ મન, મારૂ અંતઃકરણ પવિત્ર નિર્મળ થાય તે માટે હું પ્રાર્થના કરૂં છું, બાકી મને ખબર છે જ કે મારા માટે જે શ્રેષ્ઠ શ્રેયસ્કર છે તે તું મોકલવાનો જ છે **- ફાધર વાલેસ**
- આ પુરૂષો ખરા છે, લગ્ન પહેલા પ્રેમ કરવાના સોગંદ ખાશે અને લગ્ન બાદ સોગંદ ખાવા જેટલો પણ પ્રેમ કરશે નહીં **- સીડની શેલ્ડન**
- બાપદાદાની મહાનતાની માળા ફેરવનાર પોતાનું ભાગ્ય ભાગ્યે જ ફેરવી શકે છે **- વજુ કોટક**
- મનની શાંતિ અનુકૂળ પરિસ્થિતિઓ દ્વારા નહીં, પરંતુ આંતરિક પરિવર્તન દ્વારા પ્રાપ્ત કરવી જોઇએ **- હિતોપદેશ**

## બોધ કથા

આપણને કર્મનાં બંધન જ પછાડે છે દાન-પુણ્ય-સેવા કરીએ પણ સાથે નામના-કીર્તિની તકતી પણ લગાડીએ. આ 'મેં' કર્યું. હું દાન-પુણ્ય કરૂં છું. ગરીબો માટે રસોડું ચાલે છે. દવા-દારૂ-સ્કોલરશીપ બધા સાથે બાપ-દાદા-માતા-પિતાનાં નામ તો ચોટેલાં જ હોય છે. 'હું કરૂં'- હું 'કરૂં' ની અજ્ઞાનતાનું એક અભિમાન છે.

સમ્રાટ વૂ એક બોધિ સંત પાસે ગયો. સંત ત્રિકાળ જ્ઞાની હતા.

સમ્રાટે સંતને કહ્યું, મેં ઘણા વિહાર બંધાવ્યા છે, મંદિરો ચણાવ્યા છે અને જૂના મંદિરોનો પુનરોદ્ધાર કર્યો છે, ભગવાનની અનેક મૂર્તિઓ બનાવી મંદિરોમાં સ્થાપિત કરી છે!

સંતે પૂછ્યું - માનવ સમાજ માટે શું કર્યું?

સમ્રાટ કહે - મેં લાખો ભિક્ષુઓ ને ભોજન મળે એના માટે ભોજનાલયો શરૂ કરાવ્યાં છે. રસ્તા અને વૃક્ષો રોપાવ્યા છે, કૂવા-તળાવ બનાવરાવ્યાં છે. દવાખાના-પરબ-વૃદ્ધાશ્રમો પણ મેં શરૂ કરાવ્યાં છે!

સંતે કપાળમાં કરચલી સાથે સમ્રાટ સામે જોયા કર્યું અંતે સમ્રાટે પૂછી જ લીધું. મને આ બધાનું શું પુણ્ય ફળ મળશે.

સંતે-મક્કમ અવાજે કહ્યું, સમ્રાટ તમે સાતમા નર્કમાં જવાનો છો! આ 'હું' મેં કર્યું જ તમને આંગળી પકડીને સાતમા નર્કમાં લઇ જશે!

Email - sureshchandrabhatt18@gmail.com

# ભીખુભાઈમાં ઋણ સ્વીકારની આ વિનમ્રતા મેં દરેક પ્રસંગે જોઈ છે, હેસિયત કરતાં કંઈક વધુ પ્રાપ્ત થયાનો અમીનો ઓડકાર લેતા ભીખુ કવિનો સ્વભાવ તો બીજાને પોંખવાનો, પણ બીજાને પોંખતો રહે તે કયારેક ખુદ પણ પોંખાય છે, આ કુદરતનો અફર કાનૂન છે

## મીરની અમીરાત

**ગાંધીનગરને આગવી ઓળખ આપનારા સાહિત્ય જગતના સિતારાઓમાં એક ઝાંખો પાંખો અજવાસ વેરતા આગિયા જેવું પ્રદાન હાડોહાડ શિક્ષકજીવ એવા ભીખુભાઈ મીરનું પણ છે. તેઓ સર્જક તરીકે છે એથી વિશેષ એક મઘમઘતા સુંવાળા માનવી તરીકે વધારે પ્રતિષ્ઠિત છે. છેલ્લે છેલ્લે દહેગામ આસપાસનાં ગામડાંમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવનારા ભીખુભાઈ કવિ અમારા પરિવાર માટે સ્વજન જેવા છે. સબળાજીના મુવાડા ખાતે એમના વિશિષ્ટ વિદાય સમારંભમાં મારા ડેડી ડો. કેશુભાઈ દેસાઈ ઉપરાંત ગાંધીનગર સાહિત્ય સભાના મોવડીઓ- શ્રી ભરતભાઈ કવિ અને શ્રી નટવરભાઈ હેડાઉ પણ ઉપસ્થિત રહ્યા હતા. તે પ્રસંગે લોકાર્પિત થયેલ ગ્રંથ 'પ્રતિભાનાં પોંખણાં'ની ડો. કેશુભાઈ દેસાઈ દ્વારા લિખિત પ્રસ્તાવના ભીખુ કવિ વિશેની આપણી સમજણને ધાર આપે છે. કોઈપણ કલાકારને કદરની અપેક્ષા રહેતી હોય છે. ઘરદીવડા જેવા અદના કલાધર્મી મીર કોમની મિરાત સમા ભીખુ કવિ વિશેનું આ સંવેદન 'ગાંધીનગર સમાચાર'નો પ્રબુદ્ધ વાચકોને ગમશે એવી અપેક્ષા છે.**

### હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ભીખુ કવિ નિવૃત્ત થઈ ગયા?
મન માનતું નથી. પણ સમય તો સિકંદરનેય ન છોડે.
બિચારા ભિખુ કવિની શી વિસાત! છતાં એક ઝિંદાદિલ
શિક્ષક અને કલાધર્મી જીવ વયનિવૃત્તિએ પહોંચ્યા પછીય
નિવૃત્ત થવા લાયક ન લાગતો હોય તો એ એની સિદ્ધિ છે.

કડિયાદરા મારૂ પણ મોસાળ છે. ભીખુ કવિનાં માતાને પડી હશે એવી જ તકલીફો મારાં દલાંમાને પણ પડી હશે. એ અકાળે વિધવા થયાં હતાં. વળી એમનો એકનો એક દીકરો કાળનો કોળિયો થઈ ગયો હતો. ગામ આવી દુખિયારી બાઈ બહેનોને સાચવી લેતું. એ જમાનો ઘણો સારો હતો. ભીખુએ બાળવયે ભોગવેલી વિટંબણાએ એમને વિનમ્ર બનાવ્યો એનું કારણ આ સંસ્કાર. જો એ જ ગામે ગામ દીકરી તરીકે ગામમાં જ વસી ગયેલાં એમનાં માતાની પજવણી કરી હોત કે બાળ ભીખુને હડધૂત કર્યો હોત એનામાં બદલો લેવાની વેરવૃત્તિ વિકસી હોત. આપણા દલિત સર્જકોની આક્રમકતાના મૂળમાં સામાજિક અન્યાયનું ઝેર દૃષ્ટિગોચર થાય છે. ભીખુ કવિ પ્રત્યે ગામ આખું સહાનુભૂતિ રાખતું હતું. આજે પણ રાખે છે. એ યાચક કોમમાં જન્મ્યા છે એથી સામંતી સંસ્કારો ધરાવતા સંપન્ન પરિવારોને આજે પણ એમના માટે કશુંક કરી છૂટવામાં ફરજ બજાવ્યાનો સંતોષ અનુભવાયો છે. આપણી પ્રસ્થાપિત પરંપરા સાથે પેઢીઓથી રસાઈ ગયેલાં જીવનમૂલ્યોમાં આવી કલાજીવી કોમો નભી શકે એની વણલખી વ્યવસ્થા હતી. ખેડૂતના ખળે જઈને ઊભો રહેતો મીર કે નાયક ખાલી હાથે પાછો ન આવતો.

સમય બદલાયો એની સાથે જીવન મૂલ્યો પણ બદલાયાં. હવે કોઈ સ્વમાની માણસને માગી-ભીખીને જીવવાનું ન ગમે. તે જમાનામાં માગનારને માગવાનો છોછ નહોતો તેમ આપનારને આપવાનું અભિમાન પણ નહોતું. આપણને ઈશ્વરે આપ્યું છે તો આપીએ છીએ ને! એવો કરૂણાભાવ રહેતો. એ જમાનાના નીવડેલા કલાકાર બાલાભાઈ મારીના સુપુત્ર ભીખુ કવિ એમનો ભૂતકાળ ભૂલ્યા નથી. હજી આજેપણ કડિયાદરાના દેસાઈઓ આગળ તો એ એમના 'મીર' જ રહ્યા છે. ગામ આખું જાણે છે કે રહેમત ફોઈનો ભાણિયો બહારની દુનિયામાં જાણીતો બની ગયો છે. નાટકો ભજવે છે, ચોપડીઓ લખે છે, ટી.વી.માં અને ફિલ્મોમાં ઝળકે છે, પણ એથી એની અસલી ઓળખ થોડી મટી જાય છે? એની માટીની સગાઈ થોડી અળપાઈ જાય છે? કડિયાદરા માટે તો એ રહેમત ફોઈનનો ભાણિયો જ રહેવાનો. બાલા મીરનો છોકરો, પણ ગામનો તો ભાણિયો જ. ભીખુ કવિને બદલે ખુમારીભેર એમણે પોતે 'ભીખુ મીર' નામ રાખ્યું હોત તો એ વધુ સાર્થક લાગત. કવિ ઘણો ઊંચો શબ્દ છે. એને અટક બનાવી દેવાથી અજાણતાં જ આપણે કવિતાને અન્યાય કરી બેસીએ છીએ. કવિ ન્હાનાલાલ અને કવિ દલપતરામની જેમ ભીખુ કવિ અને કચરાલાલ કવિ! મને તો આ 'કવિ' અટકમાં રહેલું અટકચાળું કઠતું જ રહ્યું છે. ગામડાંમાં 'કવિ'નો અર્થ 'કવિતડાં રચી- ગાઈ લોકરંજન કરનારા માગણ' એવો થઈ ગયો છે. ન મનાતું હોય તો કોઈ દરબારી ગામના ઝાંપે જઈને જે બાઈ-દીકરી સામી મળે એને પૂછી જોજો.

આ મીર હોવું તે કોઈ નાની સૂની મિરાત નથી. મીર તે અમીરનો જ પર્યાયવાચી શબ્દ છે. 'મારવો તો મીર; ફકીરને મારવામાં શી વડાઈ?' આપણી તળપદી જબાનમાં આવો એક રૂઢ પ્રયોગ પણ ચાલતો આવ્યો છે. મીર કોમ મારે મન હિંદુસ્તાનની ગંગા-જમની તહેજીબનું જાજરમાન પ્રતીક છે. એ નમાજ પણ પઢે છે, નિકાહ કરે છે અને માતાજીના ગરબા પણ ગાય છે. એને મન અલ્લાહ અને ઈશ્વર વચ્ચે કોઈ ફરક નથી. રામ અને રહીમ બેઉ સ્વરૂપો એને કબૂલ-મંજૂર છે. એ ઈસ્લામનો બંદો છે છતાં મૂર્તિ પૂજા કરે છે. મીર બેઉમાં પગ રાખતો હોઈ બેઉ એને માને પણ છે અને હડધૂત પણ કરતા રહે છે. માન અને અપમાન બેઉને હસતે મોઢે સ્વીકારે છે. આવો અદ્દ્ભુત સમન્વય ભાગ્યે જ બીજા કોઈ સમુદાયમાં જોવા મળશે. ભીખુ કવિ આ સમન્વય-સંસ્કૃતિનું ફરજંદ છે. પોતે એક છેવાડાનો માનવી, પુરૂષાર્થ અને પ્રારબ્ધ એને સમકાલીન સર્જકોની પંગતમાં બેસાડે, કલાજગત અને શિક્ષણક્ષેત્રનાં સન્માન મેળવવા માટે લાયક ઠેરવે તે બધી ઉપરવાળાની દયા. દિવંગત માતાપિતાની દુઆ. ભીખુભાઈમાં ઋણ સ્વીકારની આ વિનમ્રતા મેં દરેક પ્રસંગે જોઈ છે. હેસિયત કરતાં કંઈક વધુ પ્રાપ્ત થયાનો અમીનો ઓડકાર લેતા ભીખુ કવિનો સ્વભાવ તો બીજાંને પોંખવાનો. પણ બીજાંને પોંખતો રહે તે કયારેક ખુદ પણ પોંખાય છે. આ કુદરતનો અફર કાનૂન છે. ભીખુ કવિ પોંખાય એ એનો જન્મસિદ્ધ અધિકાર છે કારણ કે એણે અને એના વડવાઓએ પેઢીઓથી ન પોંખવા લાયક લોકોને પણ લાચારીવશ પોંખ્યા છે.

આજે એમના નિવૃત્ત સન્માન પ્રસંગે સાલુજીના મુવાડાના એમના સાથી સારસ્વતોએ એમને પોંખવાનો ઉપક્રમ રચીને એક અનુકરણીય દાખલો બેસાડ્યો છે. વિશિષ્ટ શિક્ષક તરીકે એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સન્માનિત થયેલ ભીખુ કવિ શ્રેષ્ઠ શિક્ષક તરીકે કેમ પુરસ્કૃત ન થઈ શક્યા, તે સવાલ પણ મારા જેવા સંવેદનશીલ માણસને તો પજવે જ. ભીખુ કવિએ એમના ગજા મુજબ જે થોડુંઘણું સંશોધન કાર્ય કે સાહિત્ય સર્જન કર્યું છે, એની સમય સમય પર કદર પણ થતી રહી છે. એમને ચંદ્રકાન્ત મહેતા અને કુમારપાળ દેસાઈ જેવા વરિષ્ઠ લેખકોએ વખાણ્યા છે. મારે માટે તો એ ઘરના માણસ છે. કનૈયાલાલ ભટ્ટે એમની કામ કઢાવી લેવાની કુશળતા વિશે મીઠી મજાક કરી છે. મને પણ એવો અનુભવ થયો જ હોય. પણ એ એમનો અધિકાર છે.

સરોજબહેન અને મેહુલમાં પણ મીર કોમની અમીરાઈ અભરે ભરી છે. ભીખુ કવિને એમનાં 'રહ્યાં વર્ષો એમાં- ' હજી ઘણું બધું કરવામાં એમના પ્રેમાળ પરિવારજનો અને જશુભાઈ કવિ જેવા માર્ગદર્શકો સહાયરૂપ નીવડશે તો એમની પાસેથી મીરકોમનાં અજાણ્યાં રહી ગયેલાં અનેક પાસાં વિશેની વીગતો મળવાની સંભાવના છે. વાર્તા લખી શકે તો વધુ સારૂ; એમ નહીં તો છેવટે સંસ્મરણો સ્વરૂપે ભીખુ કવિ એમના બાળપણથી લઈ સાલુજીના મુવાડાની શાળામાંથી અદના શિક્ષક તરીકે નિવૃત્ત થયા ત્યાં સુધીની સ્મરણયાત્રા આલેખે તો પણ ગુજરાતને એક લુપ્ત થવાને આરે ઊભેલી કલાજીવી કોમ વિશે ઘણું બધું જાણવાનું મળશે.

આ નાનકડા સન્માનગ્રંથમાં કડિયાદરાના ઋષિ મુ.શ્રી કાલિદાસ પંચાલથી લઈ કલ્પેશ પટેલ જેવા યુવા સર્જક સુધીના શુભેચ્છકોએ કરેલી પુષ્પવૃષ્ટિ તળે ઢંકાયેલો ભીખુ કવિનો કૃતજ્ઞ ચહેરો પ્રગટે છે. હું પણ મારી અંતરછાબમાંથી એક ફૂલ ચડાવી આ રળિયામણા પ્રસંગે રળિયાત થયાની લાગણી અનુભવું છું. ઘણું જીવો મારો મીરબંકડો!

# વરસાદી 'વેળા'માં મધમધતી સંવેદનાનું મેઘધનુષ રચી આપતી રચનાઓ

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

જે કવિતાના શબ્દમાં ભાવકને પોતાની સંવેદનાનો રણકો સંભળાય તે કવિતા લોકપ્રિય અને ચિરંજીવ બંને. પ્રાચીનતા અને આધુનિકતાનાં લેબલો તો અભિવ્યક્તિને શોભે સંવેદનાને એની શી ગરજ હોય? સંવેદના કદિ વાસી થતી નથી એની સુવાસ સદા મધમધતી રહે છે.

'વેળા' એટલે મઘમઘતી સંવેદનાનું મેઘધનુષ. હાં, આજેહું તમને કવિ મનોહર ત્રિવેદીના તાજેતરમાં પ્રગટ થયેલ કાવ્ય સંગ્રહ 'વેળા' વિષે વાત કરવા માગું છું.

'વેળા' કાવ્ય સંગ્રહમાંથી પસાર થતાં કવિની ખુબ જ જાણીતી થયેલી રચના 'પપ્પા, હવે ફોન મુકું? થી શરૂ થઇ કલાપીની કવિતામાંથી પસાર થતા... સુધીની રચનાઓમાં ૯૦ જેટલાં ગીતો મળે છે. તેમ જ 'અને અન્ય' શિર્ષકની બીજી ૩૦ રચનાઓ મુકવામાં આવી છે. જેમાં અછાંદસ, હાઇકુ જેવી રચનાઓ પણ જોઇ શકાય છે. તે પછી 'મિત્રોપનિષદ' શિર્ષક આખી ૧૦ રચનાઓ આપી છે. આમ કુલ મળી કુલ ૧૩૦ રચનાઓ છે. પરંતુ અનુક્રમણિકામા છાપ ભૂલને કારણે છેલ્લો આંકડો ૧૪૦ બતાવે છે.

મનોહર ત્રિવેદી વિષે કવિ સુરેશ દલાલ કહે છે કે 'મનોહર ત્રિવેદી વિશે મારા મનમાં કેટલાય સમયથી એક મુદ્રા જળવાઇ રહી છે. આ માણસ કશુંક નવું કરવા માંગે છે. ચીલાને ચાતરવા માંગે છે. એનો અર્થ એવો નથી કે પરંપરાનો દ્રોહ કરે છે. તો એનો અર્થ એવો પણ નથી કે એમને આધુનિકતાનો આંધલો મોહ છે. પરંપરા અને આધુનિકતા પૂર્ણપણે સચવાય એ રીતે આ કવિ સમન્વયના જીવ છે.'




કવિએ પોતાની કવિતાની સર્જન પ્રક્રિય વિષે અગાઉ 'શબ્દ સૃષ્ટિ'માં પ્રગટ થયેલ લેખ 'કવિતા અને હું' માં થોડા ફેરફાર અને ઉમેરણ સાથે સંગ્રહની પ્રસ્તાવના રૂપે મુકી દીધો છે. જે તેમની કવિતાને સમજવા, માણવા અને પામવામાં ખાસ્સો ઉપયોગી થાય તેમ છે.

આ સંગ્રહમાં પાન નં. ૬૫ થી ૭૧ પર આપવામાં આવેલાં ગીત સપ્તક વિષે સુમન શાહ કહે છે કે 'આ ગીત સપ્તાકે' નોંધપાત્ર દીસે છે. તેની પંક્તિઓનું કાવ્યત્વ આસ્વાદ્ય છે. 'ખળખળ વહીને પેલાં ઝરણાંઓ બોલે તો/ફૂલ નહીં રહેવાનાં ચૂપ,' 'મને હે નિદ્રા, તે ઝળહળ કર્યો સ્વપ્નમાં/યથા દીપે જેવી રસિક વધુ કંઠાભરમણાં...' 'કયાંકથી પાલવ ફરકે એવી/ડમરી ઊઠી દૂર/ડાળમાં કામાવેગથી સૂડો ખેરવે એના સૂર રે હોજી ખેરવે એના સૂર./ 'નદી કિનારે છીપરમાં તડ્ય પાડી ફણગ્યાં તરણાં હો / નીરખી નીરખી ઉછળતાં જાણે કે હરણાં હો.' જેવું શક્તિશાળી દૃશ્યકલ્પના ધરાવતી આ કેશ કે સાવનઘટા?' રચના તેમ જ ખણક ખણક ને છલક છલક વગેરે... ના પ્રાસાનુબંધમાં નાચતું 'નૃત્યગીત' - બંને - આ સાતેયમાં અમને ખૂબ ગમી ગયાં છે. ઘણાં વરસો પછી અમને થોડા જુદાં જુદાં સ્વાદની ફ્રેશ રોમેન્ટિક રચનાઓ માણવ મળી. કોણ કહે છે કે રોમેન્ટિસિસ્ટ કવિતા નકામી વસ્તુ છે! કલ્પનાથી ઉપજાવી કાઢેલા રોમાન્સ જરૂર નકામા. વોલ્ટ વ્હિટમન, શિવનાનન્દ દાસ, પ્રહલાદ પારેખ અને લાભશંકર ઠાકરની ઘાસ-ચર્ચા-દરેકની જુદી છે છતાં કેવી તો કાવ્યસમર્પક છે...

વળી કવિ પોતે કોઇ મોટા ભ્રમમાં રહેતા નથી તેથી જ તેમણે કબુલ કર્યું છે કે તેઓ મુગ્ધતાની સીમા ઓળંગી શખતા નથી. જે હતું - છે, થોડું ઘણું તેને શબ્દસ્થ કરી લેવાની મનોવૃત્તિમાં ગ્રસ્ત હોવાનું કબુલે છે અને કહે છે કે તેને માટે વિવેચન ઓળઘીચ ન થાય તેવો પુરો સંભવ છે. તેમ છતાં મારી રચનામાં મેં મારી અંદર વસેલું જનપદ ખંડિત ન થાય તેની ચીવટ રાખી છે. બીજી બધી પ્રાપ્તિઓ એ આનંદ પાસે ક્ષુલ્લક છે. રમેશ જેવા સમકાલીનો પદ સંચાર, કયાંક કયાંક મારાં ગીતોએ ઝીલ્યો હોય તો પણ મારા જનપદની માટીથી રજોટાયેલી મારી ચેતનાની સુગંધ મેં હોથે હોથે વેરી છે, ને તે સુગંધના હિસ્સેદાર બીજાને પણ બનાવ્યા છે.

'દેખીતું કારણ કશું નહીં...' છતાં દશ જેટલા સર્જકો ને કવિએ કવિએ અર્પણના પાને યાદ કર્યા છે. જેમાં આપણા ગાંધીનગરવાસી એવા કવિઓ પ્રવિણ ગઢવી અને હર્ષ બ્રહ્મભટ્ટનો પણ સમાવેશ થાય છે.

'વેળા' કાવ્ય સંગ્રહમાં ગીતો ઉપરાંત અછાંદસ, સોનેટ, હાઇકુ અને છાંદ, કાવ્યોમાંથી કેટલાંક ગમી જાય તેવી કાવ્ય પંક્તિઓ અહીં 'મુકી મારો રાજીપો વ્યક્ત કરવા માંગુ છું.' તમને પણ એ જરૂરથી ગમશે જ.

'ભલા આદમી, શીદને રહિયે, ઘરમાં રે અકળાઇ!
આવ બારણે, વહે ફૂલમાં સૌરભની શરણાઇ!'

● ● ●

અમે વાસંતી સવાર લઇને ગયાં ડાળખી પાસે,
એણે ખોબોક ફોરમ આપી પીવા શ્વાસેશ્વાસે

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક તરફ પિતાની આર્થિક સક્ષમતા તો બીજી તરફ બાળકોની સારસંભાળ, આ બંને મુદ્દામાં બાળકોનો ઉછેર કોણ સારી રીતે કરી શકશે તે બાબત પણ બહુ અગત્યની છે

## મહિલા સમાજ અને કાયદો

- ડો. ભાવના કે. જોશીપુરા

આપણે સુનિલાની વાત કરી રહ્યા હતા, તેની દીકરી દુબઇ છે અને સુનિલા પોતાની દીકરીનો કબજો મેળવવા માંગે છે. ખાસ કરીને પતિ-પત્ની વચ્ચે ઊભી થતી લગ્ન વિષયક તકરાર અને તે સંદર્ભે ઉભા થતાં બાળકોનાં પ્રશ્નો આ એક ગંભીર બાબત છે. બાળકો અંગેનાં જે કાયદાઓ અસ્તિત્વમાં છે તેનાં ગાર્ડિયન્સ એન્ડ વોર્ડઝ એક્ટ, ૧૮૯૦ (વાલી અને પાલ્ય અધિનિયમ, ૧૮૯૦) અને હિન્દુ સગરી અને વાલીપણાનો કાયદો, ૧૯૫૬ એ મુખ્ય કાયદાઓ છે.

ગાર્ડિયન્સ એન્ડ વોર્ડઝ એક્ટ એ ૧૯૮૦ થી અમલમાં છે. આ કાયદો જે બાળકો કે દીકરી હોય કે દીકરો કે જે પુખ્ય ઉમરનાં નથી અને જેને સગીર બાળકની વ્યાખ્યામાં ગણવામાં આવે છે તેવા બાળકોનાં રક્ષણની નિમણૂંક અદાલત દ્વારા કરવામાં આવે તે બાબતે ખાસ ઘડવામાં આવ્યો છે. સગીર બાળકોની સુખાકારી માટે અદાલતને એવું લાગે કે, બાળક અને તેની મિલકત બંને માટે તેના રક્ષકની નિમણૂંક કરવી જરૂરી છે તો તેનો પણ હુકમ થઇ શકે. ટૂંકમાં કહીએ તો, સગીર બાળકોનાં જાત, તેમજ મિલકતના રક્ષણ માટે રક્ષકની નિમણૂંક સંદર્ભે આ કાયદાની જોગવાઈ કરવામાં આવી છે.

હિન્દુ સગીર અને વાલીપણાંનો કાયદો, ૧૯૫૬ એ આમ જોઇએ તો, ગાર્ડિયન એન્ડ વોર્ડઝ એક્ટની પુરવણી સ્વરૂપ કાયદો છે. વિશેષ રીતે જોઈએ તો, હિન્દુ સગીર અને વાલીપણાંનાં કાયદામાં વાલીપણાં બાબતે અને સગીરોના હિત વિશે વિગતવાર, વિસ્તારપૂર્વક જોગવાઇ કરવામાં આવી છે. આ કાયદો માત્ર હિન્દુઓને લાગુ પડે છે જયારે ગાર્ડિયન એન્ડ વોર્ડઝ એક્ટ અદાલતે જયારે સગીરના રક્ષક કે વાલીની નિમઊંક કરી હોય ત્યારે તમામ વર્ગના લોકોને લાગુ પડે છે.

(૧) સહિત હિન્દુ ધર્મનાં કોઇ સ્વરૂપમાં અથવા વિકસિતરૂપમાં હિન્દુ હોય તે તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

(૨) જે વ્યક્તિઓ બૌધ ધર્મના હોય, જૈન ધર્મના હોય અથવા તો શિખ ધર્મના હોય તે તમામ વ્યક્તિઓ.

(૩) જે વ્યક્તિઓ ધર્મે મુસલમાન, ખ્રિસ્તી, પારસી અથવા યહુદી ન હોય તેવી બીજી કોઈ પણ વ્યક્તિઓ.

ઉપરોક્ત બાબત જોતા એવો વિચાર આવે કે, જો પિતા હિન્દુ હોય અને માતા હિન્દુ ન હોય તો તેવા પ્રકારનાં કેસોમાં અદાલતનું વલણ કેવું હોઈ શકે? ખાસ કરીને બાળકનો ઉછેર કઇ રીતે થયો છે તે બાબત પણ મહત્ત્વની છે. કેટલીકવાર એવું પણ બને કે માતા કે પિતા લગ્ન બાદ ધર્મ બદલાવે અને એ બદલાયેલો જે ધર્મ છે તેના આધારે પણ વ્યક્તિના બાળકની જાતિ નક્કી થઇ શકે છે, જેમ કે કોઇ પિતા લગ્ન પહેલાં હિન્દુ નથી અને લગ્ન બાદ તે હિન્દુ ધર્મ સ્વીકારે છે. સંતાનનો ઉછેર એ હિન્દુ જાતિનાં કોમ, સમૂહ અથવા કુટુંબના સભ્યો હોય તે રીતે થાય છે તો આવા બાળકની જાતિ એ હિન્દુ ગણી શકાય.

કલકત્તા વડી અદાલતનો એક કિસ્સો બહુ ચર્ચી છે. રાજકુમાર ગુપ્તા વિરૂદ્ધ બારબરા ગુપ્તા (ઓલ ઈન્ડિયા રિપોર્ટર, ૧૯૮૯, કલકત્તા પેઈજ નં. ૧૬૫). આ કેસમાં બાળકનાં કબજા અને વાલીપણા અંકે તકરાર ઉપસ્થિત થઈ હતી. કેસ જો વિગતવાર જોઇએ તો, પિતા હિન્દુ ધર્મના હતા અને માતા ખ્રિસ્તી હતી. બાળકની માતાએ એવો કોઇ વિરોધ કે બાબત અદાલતમાં રજૂ કરેલ નહીં કે બાળકનો ઉછેર હિન્દુ તરીકે થયો નથી. કલકત્તા વડી અદાલતે બાળકનાં કબજા અને વાલીપણાં માટે મહત્ત્વના મુદ્દા પર નિર્ણય આપીને ઠરાવ્યું કે બાળખનો ધર્મ હિન્દુ ગણાશે. જો કે આ કેસમાં બાળકનું નામ તેમજ બાળકની અટક બંને ધ્યાનમાં લેવામાં આવેલ. જો કે આ જ કેસમાં વડી અદાલતે એમ પણ ઠરાવ્યું કે, જો બાળક પાંચ વર્ષથી ઓછી વયનું હોય તો ખ્રિસ્તી માતા પણ હિન્દુ સગીરનો કબજો મેળવવા હકદાર છે. એનો અર્થ એ થયો કે, જે માતા હિન્દુ નથી પરંતુ તેનું બાળક જો પાંચ વર્ષથી ઓછી વયનું હોય તો એ બાળકનો પિતા હિન્દુ છે છતાં પણ બિન હિન્દુ માતા બાળકનો કબજો મેળવવા હક્કદાર છે. અત્રે એ ઉલ્લેખ કરીએ કે બાળકનો કબજો મેળવવો અને બાળકના રક્ષણ તરીકે નિમણૂંક લેવી તે બંને બાબતો વચ્ચે થોડો ભેદ છે એટલે કે બિન હિન્દુ માતા અને કબજો મેળવવા હક્કદાર છે પરંતુ બાળકનાં રક્ષણ તરીકે તેણીને અધિકાર પ્રાપ્ત થતો નથી.

આ કાયદામાં સગીર બાળકો એ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે, તો સૌ પ્રથમ સગીરની વ્યાખ્યા આપણે સમજવી જોઈએ. સગીર એટલે ૧૮ વર્ષની વય પુરી કરી ન હોય તેવી વ્યક્તિ. સગીરનાં સંદર્ભમાં વ્યાખ્યા એ ઈન્ડિયન મેજોરીટી એક્ટ, ૧૮૭૫ (ભારત પુખ્ય વય અધિનિયમ)માં લખવામાં આવેલ છે. વાલીની વ્યાખ્યા હિન્દુ સગીર અને વાલીપણાનાં કાયદા અંગે જો જોઈએ તો, આ કાયદા અંતર્ગત કુદરતી વાલી એ પિતા છે. જો કે સર્વોચ્ચ અદાલતના અલગ અલગ ચુકાદામાં બાળકના કુદરતી વાલી અંગે વિશાળ ચર્ચા કરવામાં આવી છે. એક ખુબ જ રસપ્રદ બાબત એવી છે કે, પરિણિત છોકરીઓની બાબતમાં તેનો વાલી પતિ છે તેવું આ કાયદાની કલમ - ૬ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. ખાસ કરીને છોકરા અને છોકરીની બાબતમાં જયારે મિલકત અંગે તેના કુદરતી વાલીઓ નક્કી કરવાના થાય ત્યારે પ્રથમ પિતા અને પછી માતા તેમ ઉલ્લેખ થયેલ છે. પરંતુ આગળ જણાવ્યું તેમ જો દીકરી કે દીકરોની ઉંમર પાંચ વર્ષ પુરી થઈ ન હોય તો સામાન્ય રીતે માતાનાં હવાલામાં રહેશે.

જયારે બાળકનો કબજો સોંપવાની બાબત અદાલત સમક્ષ આવે છે ત્યારે સૌથી અગત્યનો મુદ્દો એ બાળકનું હિત એ કોની પાસે છે તે બાબતનું છું જયારે બાળક નાનું હોય એટલે કે પાંચ વર્ષની નાની ઉંમરનું હોય તો બાળક માતા પાસે રહે છે. પરંતુ જો બાળક પાંચ વર્ષ કરતાં પણ વધુ વયનું હોય તો પણ અદાલતને એમ લાગે કે બાળકનું હિત એ માતા પાસે જ છે તો એવા બાળકનાં હિતમાં માતાને બાળખને સોંપી શકાય છે.

જયારે અદાલત સમક્ષ બાળકના હિતનો પ્રશ્ન આવે છે ત્યારે પિતા તરફે પોતાની આર્થિક સમક્ષમતાની બાબત રજૂ થાય છે. આજના યુગમાં મહત્તમ રીતે પતિ અને પત્ની બંને આર્થિક રીતે પગભર હોવું તેવું બની શકે પરંતુ જયારે પાછળના વર્ષો તરફ દૃષ્ટિપાત કરીએ તો સમાજની, કુટુંબની સામાન્ય વ્યવસ્થા તરફ જોઈએ તો પતિ એ નોકરી અર્થે કે કામ ધંધા અર્થે બહાર જાય છે અને કુટુંબના કમાણીનો આધાર એ બને છે જયારે સામે પક્ષે પત્ની ગૃહકાર્ય સંભાળે છે. ગૃહિણીઓ ગૃહકાર્ય કરે છે તે ગૃહકાર્યના સંદર્ભમાં વળતર એ બાબતનું બીલ લોકસભામાં પેન્ડીંગ છે. જો કે જે બાબત ફરજ સ્વરૂપે આમ મહિલાઓએ સ્વીકારેલી છે તે બાબત સંદર્ભે વળતર તેની ચર્ચા દેશભરમાં થઈ રહી છે. જો કે સમાજ ચિંતકો એવું માને છે કે કોઈ પણ વ્યક્તિ પોતાની ફરજ બજાવે તેનાં સંદર્ભે વળતર મેળવવા માંગણી કરી શકે?

(અનુસંધાન પાના નં. ૬ પર)